# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 01-07-2024 Midday : 1.30 to 1.20
Day : Monday National News

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

---

- ✓ સંસદનાં સંયુક્ત ગૃહોને રાષ્ટ્રપતિનાં સંબોધન પર આભાર પ્રસ્તાવ પર બંને ગૃહોમાં ચર્ચા ચાલી રહી છે
- ✓ નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ NEET -UGની પુનઃ પરીક્ષા બાદ સુધારેલું પરિણામ અને ક્રમાંક જાહેર કર્યા
- ✓ ત્રણ નવા ફોજદારી કાયદાઓનો આજથી દેશભરમાં અમલ
- ✓ ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં 30 રૂપિયાનો ઘટાડો કર્યો
- ✓ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સેનાના વડા તરીકેનો પદ ભાર સંભાળ્યો.

*******************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PAR-MOTION OF THANKS

લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ કરેલા ભાષણ પર હાલ સંસદનાં બંને ગૃહોમાં ચર્ચા ચાલી રહી છે. લોકસભામાં ચર્ચા શરૂ કરતા ભાજપના સાંસદ અનુરાગસિંહ ઠાકુરે છેલ્લાં 10 વર્ષમાં સરકારે લોકોનાં કલ્યાણ અને અર્થતંત્રને વેગવંતુ બનાવવા લીધેલાં પગલાંની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ સરકારે 80 કરોડ લોકોને મફતમાં અનાજ પૂરું પાડ્યું છે.

અગાઉ ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે વિરોધ પક્ષનાં નેતા રાહુલ ગાંધીએ નીટ પરિક્ષામાં ગેરરિતીનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આ મુદ્દે ચર્ચા કરાવવાની માંગણી કરી હતી. જો કે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દલીલ કરી હતી કે રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા બાદજ અન્ય મુદ્દે ચર્ચા કરવાની સંસદની પરંપરા છે. બાદમાં, વિરોધ પક્ષોના સાંસદો ગૃહમાંથી વોક આઉટ કરી ગયા હતા. રાજ્યસભામાં સભાપતિ જગદીપ ધનખડે વિરોધ પક્ષોએ ગૃહ મોકૂફી માટે રજૂ કરેલી દરખાસ્તને ફગાવી દીધી હતી. બાદમાં લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ કરેલાભાષણ પર ચર્ચા શરૂ થઈ હતી.

ચર્ચામાં ભાગ લેતા વિરોધ પક્ષનાં નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, રાષ્ટ્રપતિનાં ભાષણમાં દ્રષ્ટિનો અને દેશ સામેનાં પડકારોનો ઉકેલ કઈ રીતે લાવવો તે અંગે કોઈ ઉલ્લેખ નથી. ગરીબો, દલિતો અને લઘુમતીઓનાં કલ્યાણ અંગે કોઈ વાત કરવામાં નથી આવી.

## PARLIAMENT - INDIA BLOC PROTEST

વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન એ આજે સંસદની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં સરકારી એજન્સીઓ - ED અને CBIના દુરુપયોગનો આક્ષેપ કર્યો હતો. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને વિરોધ પક્ષોના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. તેમણે જેલમાં બંધ આમ આદમી પાર્ટીના મંત્રીઓને મુક્ત કરવાની પણ માંગ કરી હતી.

## NEET RETESTRESULTS

નેશનલ ટેસ્ટિંગ એજન્સી - NTA એ આજે રિ-ટેસ્ટપછી 1 હજાર 563 ઉમેદવારો અને NEET -UG પરીક્ષાના તમામ ઉમેદવારોના રેન્કનું સુધારેલું પરિણામ જાહેર કર્યું છે.

NTA એ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે તમામ ઉમેદવારોના સુધારેલા સ્કોર કાર્ડ તેની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

ઉમેદવારો વેબસાઇટ પર લૉગિન કરી શકે છે અને વેબસાઇટ પર તેમના સંબંધિત સુધારેલા સ્કોર કાર્ડ્સ ઍક્સેસ કરી શકે છે.

## Three New Laws

દેશભરમાં આજથી ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ એમ ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવી ગયા છે. આ પૂર્વે કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે નિયમિત બેઠકો યોજી હતી અને તેઓ આ ત્રણેય નવા કાયદા લાગુ કરવા માટે ટેકનોલૉજી, ક્ષમતા નિર્માણ અને જાગૃતિ વધારવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

આ મામલે પોલીસ અને તપાસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. આકાશવાણી અને દૂરદર્શનના સમાચાર બૂલેટિન, કાર્યક્રમો, ચર્ચાઓ અને સામાજિક માધ્યમના પ્લેટફૉર્મની મદદથી આ વિષય અંગે ઊંડાણપૂર્વક ચર્ચાઓ તેમ જ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જનજાગૃતિ અભિયાન, સંવાદ કાર્યક્રમ, માહિતીપ્રદ વેબસાઈટ્સ અને મંત્રીસ્તરના વેબિનારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## LPG PRICE DROP

ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરનાં ભાવમાં 30 રૂપિયાનો ઘટાડો કર્યો છે. આ ભાવ ઘટાડો તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે.

ભાવમાં ઘટાડાને કારણે દિલ્હીમાં 19 કિલોનાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત એક હજાર 646 રહેશે.ગયા મહિને પણ સિલિન્ડરનાં ભાવ 69 રૂપિયા 50 પૈસા ઘટાડીને એક હજાર 676 રૂપિયા કરવામાં આવ્યો હતો.

## ADD ARMY CHIEF OATH

લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આજે નવીદિલ્હીમાં સેનાના વડા તરીકેનો પદભાર સંભાળ્યો છે. જનરલ દ્વિવેદીએ દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી, અને ફરજ પર પોતાનું બલિદાન આપનારા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.

માધ્યમો સાથે વાત કરતા જનરલ દ્વિવેદીએ કહ્યું કે ભારતીય સેનાનું નેતૃત્વ કરવાની તક મળી તે તેમના માટે ખૂબ જ ગર્વની ક્ષણ છે. જનરલ દ્વિવેદીએ નાગરિકોને ખાતરી આપી હતી કે ભારતીય સેના તમામ પડકારોનો સામનો કરવા માટે તૈયાર છે.

## IMD- WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 3 થી 4 દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ સ્થળઓ માટે હવામાન વિભાગે રેડ એલર્ટ અને યલો એલર્ટ જાહેર કર્યુ હતું.. IMDએ કહ્યું કે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પૂર્વ રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના ભાગોમાં આ મહિનાની 3 તારીખ સુધી ભારે વરસાદ પડવાની પણ શક્યતા છે..

પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી 2 થી 3 દિવસ દરમિયાન પણ આ સ્થિતિનું નિર્માણ થશે.. પશ્ચિમ ભારતમાં, આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની સ્થિતિની ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર અને ગોવામાં પણ અસર રહેશે.

દરમિયાન, દક્ષિણ ભારતમાં, આવતીકાલ સુધી તામિલનાડુ, પુડુચેરી, કેરળ અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં અને લક્ષદ્વીપ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તેલંગાણા અને દરિયાકાંઠાના કર્ણાટકમાં આગામી 2 દિવસ સુધી ભારે વરસાદની સ્થિતિ બનેલી રહેશે..

# IGI AIRPORT INSPECTION

દિલ્હીના એરપોર્ટના ટર્મિનલ એકની છત તૂટી પડયા બાદ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ સ્થળની મુલાકાત લીધી હતી.. આજે તેમણે દિલ્હીના IGI એરપોર્ટ ખાતે એરપોર્ટ ઓપરેશન કંટ્રોલ સેન્ટર (AOCC)નું નિરીક્ષણ કર્યું હતું.

મંત્રીએ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA), BCAS, DIAL અને એરલાઇન ઓપરેટરો સાથે રાખીને આ નિરીક્ષણ કર્યુ હતું. વર્તમાન કામગીરી અને ટર્મિનલ એક થી ટર્મિનલ 2 અને 3 સુધીની ફ્લાઇટની અવરજવર બાદ મુસાફરોની વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. તેમણે સંકલન કરીને વ્યવસ્થા જાળવવા અધિકારીઓને સૂચના આપી હતી.

## Amarnath Yatra

કાશ્મીરમાં શ્રી અમરનાથજીની વાર્ષિક યાત્રા કોઈ વિધ્ન વગર સરળતાથી ચાલી રહી છે. અમારા શ્રીનગરના પ્રતિનિધી જણાવે છે કે, અત્યાર સુધી 28 હજાર 534 શ્રધ્ધાળુઓએ અમરનાથની પવિત્ર ગુફામાં કુદરતી રીતે રચાતા બરફના શિવલિંગનાં દર્શન કર્યા છે. યાત્રા માટે સલામતીનો કડક બંદોબસ્ત કરવામાં આવ્યો છે. નુવાન અને બાલતાલ

બેઝ કેમ્પ ખાતે દેશનાં વિવિધ ભાગમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ પહોંચી રહ્યા છે.

દરમિયાન, આજે વહેલી સવારે જમ્મુમાં છ હજાર 461 યાત્રીઓની નવી બેચ જમ્મુમાં ભગવતીનગર બેઝ કેમ્પથી રવાના થઈ હતી. બાલતાલ કેમ્પથી બેહજાર 321 અને નુવાન-ચંદનવાડી બેઝ કેમ્પથી ચાર હજાર 140 યાત્રીઓ રવાના થયા હતા. યાત્રીઓએ વહીવટી તંત્ર અને અમરનાથ શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા અંગે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

## TELANGANA- FOUR DIED

તેલંગાણાના નાગરકુર્નૂલ જિલ્લાના વનપતલા ગામમાં ઘરની દિવાલ ધરાશાયી થતાં એક પરિવારના ચાર સભ્યોના મોત અને એક વ્યક્તિને ઇજા પહોંચી હતી. સ્થાનિક પોલીસે જણાવ્યું કે ગઈકાલે મધ્યરાત્રિએ ભારે વરસાદને કારણે આ ઘટના બની હતી. ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## plane crash inFrance

ફ્રાન્સમાં નાનું પર્યટક વિમાન તૂટી પડતાં ત્રણ વ્યક્તિનાં મૃત્યુ થયા છે. રવિવારે સ્થાનિક સમય પ્રમાણે વહેલી સવારે પોણા ચાર વાગે

પેરિસથી 30 કિલોમીટર દૂરનાં કોલેજિયેન નામનાં નગરમાં વિમાન હાઇ વોલ્ટેજ લાઇન સાથે અથડાતાં આ દુર્ઘટના સર્જાઈ હોવાનું મનાય છે.

પેરિસ અને સ્ટ્રેસબોર્ગને જોડતા ધોરી માર્ગ પર ઘટના સ્થળે વાહનવ્યવહાર સ્થગિત કરી દેવામાં આવ્યો છે. -.

## PM DOCTORS DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડોક્ટર્સ ડે નિમિત્તે તમામ ડોકટરોને શુભેચ્છા પાઠવી છે. શ્રી મોદીએ કહ્યું કે સરકાર ભારતમાં આરોગ્ય સેવા માળખામાં સુધારો કરવા સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને તે પણ સુનિશ્ચિત કરશે કે ડોકટરોને તેમનું યોગ્ય સન્માન મળે.શ્રી મોદીએ સોશિયલ મીડીયા પોસ્ટ દ્વારા આ શુભેચ્છા પાઠવી હતી..

## WIMBLEDON

વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશિપ આજથી લંડનના ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં શરૂ થઈ રહી છે. પ્રથમ દિવસે, વર્તમાન ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ એસ્ટોનિયન ટેનિસ ખેલાડી માર્ક લાજલ સામે રમશે. ભારતના ટોચના પુરૂષ સિંગલ્સ ખેલાડી સુમિત નાગલ, આ વર્ષે તેની પ્રથમ વિમ્બલ્ડનના મુખ્ય ડ્રોમાં ભાગ લેશે. નાગલનો પ્રથમ રાઉન્ડમાં સર્બિયાના મિઓમિર કેકમાનોવિક સામે મુકાબલો થશે.

મેન્સ ડબલ્સ ઈવેન્ટમાં ભારતીય ટેનિસ ખેલાડી રોહન બોપન્ના ઓસ્ટ્રેલિયાના મેથ્યુ એબ્ડેન સાથે પાર્ટનર બનશે. બીજા ક્રમાંકિત, તેનો મુકાબલો ફ્રાન્સના એડ્રિયન મન્નારિનો અને જીઓવાન્ની મપેત્શી પેરીકાર્ડ સામે થશે. બોપન્ના અને એબ્ડેન 2023માં વિમ્બલ્ડન ચેમ્પિયનશિપમાં સેમિફાઇનલમાં પહોંચ્યા હતા. ભારતના એન શ્રીરામ બાલાજી પણ મેન્સ ડબલ્સમાં ગ્રેટ બ્રિટનના લ્યુક જોન્સન સાથે ભાગીદારી કરીરહ્યા છે. તેઓ શરૂઆતના રાઉન્ડમાં ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન મેટ પેવિક અને માર્સેલો અરેવાલો સામે ટકરાશે.